# શિક્ષક દિન અહેવાલ

આજે તારીખ–૦૫–૦૯–૨૦૨૪ ના રોજ ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણનની સ્મૃતિમાં શિક્ષક દિનની ઉજવણી ઓ.કે.સી. સંકુલમાં અમારી શાળા ઓમકાર મૌલિક વિદ્યાલયમા કરવામાં આવી હતી. જેમાં શાળાના ધોરણ–૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને ખૂબ સુંદર અધ્યાપન કાર્ય કર્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના વિષયના વિષયવસ્તુની સારી રીતે તૈયારી કરી રજૂઆત કરી હતી. વર્ગ વ્યવહાર યોગ્ય રીતે કર્યો હતો. વિદ્યાર્થીઓએ પણ વર્ગખંડમાં શિસ્ત જાળવી રાખી સહકાર આપ્યો હતો. વિદ્યાર્થીઓને પણ આજે બનેલા નવા શિક્ષકો પાસેથી બધા જ તાસમાં અલગ અલગ વિષયનું જ્ઞાન મેળવવાની મજા પડી હતી. આમ શિક્ષક દિનની ઉજવણી ખુબ ઉત્સાહપૂર્વક કરી હતી.

શિક્ષક દિનના અંતે વિજેતા શિક્ષકોને પ્રથમ , દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. તેમને તેના માટે પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા. શિક્ષિકા બનેલી વિદ્યાર્થીનીએ શિક્ષક દિનની ઉજવણી અને શિક્ષક તરીકે પોતાનો અનુભવનું વર્ણન કર્યું હતું અને શાળા સંકુલે શિક્ષક બનેલ તમામ વિદ્યાર્થી મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

## વિજેતા વિદ્યાર્થીઓના નામ :–

પ્રથમ નંબર – ખાંટ પ્રિયાંશીબેન આર.

દ્વિતીય નંબર – સંગાડા હરેશભાઈ કે.

તૃતીય નંબર – ખાંટ જ્યોતિકાબેન એમ.

**હેતુ:–** આવી પ્રવૃત્તિ શાળામાં ઉજવણી કરવાથી વિદ્યાર્થીઓમાં ગુરુજનો પ્રત્યે આદર સન્માનના સંસ્કાર કેળવાય છે તેમજ તે શિક્ષકોની ફરજ, કાર્યશૈલી , કાર્યકુશળતાને સમજે છે.




विषय - संस्कृत






1st
First
2nd
Second
3rd
Third
OKC Sankul
કિસાન માધ્યમિક વિદ્યાલય